# ઉત્કૃષ્ટ શાળામાં અપેક્ષિત માનવસંસાધન

સારી શાળા જે માનવબળ સાથે સંકળાયેલ હોય તે તમામ માનવબળનો વિકાસ થાય તે માટે સતત પ્રયત્નશીલ હોય છે. શાળા સાથે સંકળાયેલ માનવબળમાં વિદ્યાર્થીઓ, શિક્ષક, આચાર્ય, બિનશૈક્ષણિક સ્ટાફ, વાલી, સંચાલકમંડળ, સમાજ વગેરેને આવરી લેવાય. જે શાળા આ તમામ માનવ પરિબળોનો સારી રીતે સવાંગી વિકાસ કરી શકે તે જ શાળાને ઉત્કૃષ્ટ શાળા ગણી શકાય.

શાળામાં ફરજ બજાવતાં કર્મચારીઓના વ્યાવસાયિક લાયકાત વધારવા કે કર્મચારીના વિકાસાર્થે શાળાએ સહયોગ આપ્યો હોય અને તે માટે શાળા સતત પ્રયત્નશીલ હોય તે જરૂરી છે. આમ કરતાં ઘણાં કર્મચારીઓ નિયત લાયકાત કરતાં વધુ લાયકાત મેળવીને સંસ્થાને ઉત્કૃષ્ટપંથે લઇ જશે. આધુનિક કમ્પ્યુટરના યુગમાં દરેક વ્યક્તિને કમ્પ્યુટર પર કામ કરતાં આવડવું અતિઆવશ્યક છે, ત્યારે સંસ્થાએ આ માટે કરેલા પ્રયત્નો અને તે માટે કર્મચારીએ દાખવેલી ઉત્સુકતાને પણ નજર અંદાજ કરી શકાય નહીં. શાળાના કર્મચારીઓ (પટાવાળાથી માંડીને આચાર્ય તેમજ સંચાલક )બહાર કેટલીવાર અને ક્યાં ક્યાં તજજ્ઞ તરીકે ગયા છે?

શાળા અને સમાજ અભિન્ન અંગો ગણી શકાય. માટે અપેક્ષા રાખી શકાય કે શાળાએ સમાજ માટે સું કર્યું અને સમાજ પાસેથી કેટલો સહયોગ લીધો. શાળાએ સામાજિક વિકાસાર્થે કેટલી અને અનેક પ્રવૃત્તિ કરવી જોઇએ. એટલું જ નહીં શાળામાં થતા કાર્યક્રમોમાં વાલી અને સમાજને ભાગીદાર બનાવવા જોઇએ. સારી શાળા સમાજની મદદ લે છે અને સમાજને મદદ આપે છે. આ ભાવના ઊભી કરવા માટે શાળામાં કર્મચારીના સામાજિક અને આર્થિક સહયોગ માટે કેટલીક કલ્યાણકારી યોજનાઓ ચલાવવી જોઇએ.

શાળા કર્મચારીના વિકાસાર્થે સતત  પ્રયત્નશીલ હોય તો શાળામાં ફરજ બજાવતા કર્મચારીએ પણ તેનો સામાજિક કે શૈક્ષણિક બદલો આપવો જ રહ્યો. આ માટે કર્મચારીઓએ કરેલા પ્રયત્નો પર ધ્યાન આપવું જરૂરી બને છે. શિક્ષકો કે અન્ય કર્મચારીએ પોતાના વિષય કે ફરજ માટે શું નવીનતા આદરી અને તેને સમાજ સુધી પહોંચાડી કે કેમ? કેટલા કર્મચારીઓ લેખન કરીને પોતાના આદર્શો કે વિચારોને સમાજ સુધી પહોંચાડે છે? દરેક કર્મચારીએ પોતાના કાર્ય-ફરજ  દરમિયાન એવી કઇ કઇ શોધ કરી કે જે શિક્ષણ સમાજને માર્ગ ચિંધવા માટે યોગ્ય હોય. શિક્ષક એટલે સંશોધક. શિક્ષકે વર્ગખંડ શિક્ષણ દરમિયાન સતત વિચારશીલ રહીને નીતનવા સંશોધનો કરવા પ્રયત્નશીલ રહેવું જોઇએ તેમજ અન્ય સંશોધનોને વર્ગખંડમાં લાવવા જોઇએ.

શાળામાં વિદ્યાર્થીઓને વર્ગખંડમાં પાઠ્યપુસ્તક જેટલું શીખવવામાં આવે છે. એટલું તો કદાચ તેના વાલી કે પડોશી પણ કરી શકે. જે વિદ્યાર્થી માટે પૂરતું નથી જ. તો વિદ્યાર્થીના વિકાસાર્થે કે લાભાર્થે શાળામાં વર્કશોપ કે સેમીનાર થવા જોઇએ. વિદ્યાર્થીઓમાં રહેલી વિશિષ્ટ શક્તિઓ કે મર્યાદાઓ જાણવા માટે મનોવૈજ્ઞાનિક કસોટીઓનો ઉપયોગ શાળામાં થવો જ જોઇએ. ઉપરાંત વિદ્યાર્થીઓમાં રહેલી ખાસિયતો બહાર લાવી વિકસાવવા માટે તેમજ તેનામાં રહેલી અનિયમિતતા માટે શાળા કક્ષાએ શિક્ષકો, આચાર્ય કે સંચાલક મંડળ દ્વારા પ્રયત્નો થવા જોઇએ. તો જ તે શાળાને ઉત્કૃષ્ટ શાળા ગણી શકાય. શાળામાં અવારનવાર માર્ગદર્શન અને સલાહ માટેના વર્ગો વિદ્યાર્થી અને વાલીઓ માટે યોજાવા જોઇએ. શાળામાં સરકારે નક્કી કરેલા વિષયો તો શીખવવામાં આવે જ છે, પણ તે ઉપરાંત વિદ્યાર્થીના રસને પૂર્ણ કરે તેમજ તેની શક્તિનો ઉપયોગ કરી શકાય તેવા શાળાકીય વિષયો ઉપરાંતના વર્ગો જેમકે સંગીત, નૃત્ય, રમત, ચિત્ર વગેરે ચાલે છે?

વિદ્યાર્થી, શિક્ષક, આચાર્ય, સંચાલક મંડળનું વ્યક્તિગત તેમજ શાળાનું SWOT એનાલીસીસ થવું જ જોઇએ. SWOT એનાલીસીસ મુજબ અનુકાર્ય પણ થવું જોઇએ. શિક્ષકોના શૈક્ષણિકકાર્યનું મૂલ્યાંકન વિદ્યાર્થી અને વાલી દ્વારા કરાવવું જોઇએ. આ માટે શાળા અવાર નવાર વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી

અભિપ્રાય મેળવતી હોય છે.શાળામાં યોજાતી વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના આયોજન અને અમલમાં વિદ્યાર્થી. શિક્ષક, વાલી અને સમાજને ભાગીદાર બનાવવા જોઇએ. વિદ્યાર્થીનું સતત મૂલ્યાંકન થવું જોઇએ, જેની માહિતી વાલીને સમયસર નિયમિતપણે પહોચાડીને વિદ્યાર્થીના વિકાસાર્થે વાલીનો સહયોગ મેળવવો જોઇએ. શાળામાં વિવિધ પ્રકારના વિદ્યાર્થીઓ હોય છે જેમકે, વિકલાંગ, અભ્યાસમાં નબળાં કે પ્રતિભાશાળી વગેરે. તો આવા વિદ્યાર્થીની નોંધ રાખીને તેમાના વિકાસાર્થે વિવિધ પ્રયત્નો થાય છે કે કેમ? વિદ્યાર્થીઓ અને શાળાના કર્મચારીઓને પ્રોત્સાહન આપતી શાળા જ ઉત્કૃષ્ટતા સુધી પહોંચી શકે છે. વિદ્યાર્થી, શિક્ષક કે સમાજની સમસ્યાને પોતાની સમસ્યા સમજતી શાળા જ ઉત્કૃષ્ટ શાળા બની શકે. આચાર્ય અને સંચાલકમંડળ દ્વારા વિદ્યાર્થીઓ સાથે અને શિક્ષકો સાથે અવારનવાર મિટિંગ થવી જોઇએ. જે શાળાના આચાર્ય અને સંચાલક શિક્ષક સાથે બેસીને ચાનો ઘૂંટડો ભરવામાં નાનપ સમજતા હોય તે સંસ્થા માટે ક્યારેય પણ શિક્ષકોને લગાવ પેદા ન થાય. શાળામાં વિદ્યાર્થી પ્રતિનિધિમંડળ હોય અને જે સક્રિય બનીને શાળા અને વિદ્યાર્થીના વિકાસાર્થે સતત સૂચનશીલ તેમજ પ્રયત્નશીલ હોવું જોઇએ. લોકશાહી પ્રણાલી અપનાવેલી શાળા જ ઉર્ત્કષ્ટ બની શકે. જે શાળાના શિક્ષકો-વિદ્યાર્થીઓ ભયના ઓથાર નીચે આવીને કામ કરતા હોય તેમના મનમાં શાળા કે સમાજ માટે ક્યારેય પણ માન કે લાગણી ઉદ્ભવી ના શકે. ઉત્કૃષ્ટ શાળાનું આયોજન જ એવા પ્રકારનું હોય છે કે જેના કારણે વિદ્યાર્થી અને શિક્ષકને સમાજની નજીક આવવાની તકો વારંવાર મળતી રહે છે. સમાજના વિવિધ અંગોની મુલાકાત, પ્રવાસ-પર્યટન પણ આ માટે ખૂબ જ લાભદાયી પૂરવાર થયેલા છે. જે ઉત્કૃષ્ટ શાળાનું આગવું લક્ષણ ગણી શકાય.

પરીક્ષા એ વિદ્યાર્થીના વિકાસનું માપન કરતી એક પ્રયુક્તિ ગણી શકાય. શાળામાં કેટલી પરીક્ષાઓ કઇ રીતે યોજાય છે તેનાં કરતાં પણ વધુ અગત્યનું પાસું ગણવું હોય તો તે પછીના ઉપચારાત્મકકાર્યને ગણી શકાય. આ માટે શાળાએ વાલીને સાથે રાખનિ જ કામ કરવું જોઇએ. મૌખિક રીતે વાલી પર જવાબદારી ઢોળિ દેતી સંસ્થા ઉત્કૃષ્ટતાના લક્ષ્યને કદાપિ હાંસલ કરી શકતી નથી. વિદ્યાર્થીને પુસ્તકીયું જ્ઞાન આપવામાં પાવરધી હોય પણ વિદ્યાર્થીના રસને પોષતી ન હોય કે તેની શક્તિઓ મુજબના કાર્યક્રમો ન કરતી શાળાનો સમાવેશ ક્યારેય ઉત્કૃષ્ટ શાળામાં ન જ થાય. ટૂંકમાં શાળા સાથે સંકળાયેલ તમામ માનવ પરિબળોને વિકસવાની પૂરતી તકો ઊભી કરતી અને તે તકો સુધી પહોંચવા માટેનો માર્ગ મોકળો કરી આપતી શાળા જ ઉત્કૃષ્ટ શાળા બની શકે. સમાજ અને શાળાઓના સહિયારા પ્રયત્નોથી વધુમાં વધુ શાળાઓ ઉત્કૃષ્ટ બને તેવી અપેક્ષા સહ.....